# પાટનગરમાં રક્ષાબંધન પર્વની ઉલ્લાસભેર ઉજવણી

## બ્રહ્મબંધુઓએ યજ્ઞોપવિત બદલી : મહારાષ્ટ્રિયન પરિવારોએ નાળિયેરી પૂનમ ઉજવી : મિઠાઈ અને મોબાઈલની દુકાનો પર ભીડ જોવા મળી

ગાંધીનગર, તા. ૭

આજે પવિત્ર રક્ષાબંધનનું પર્વ શહેરમાં હર્ષોલ્લાસ સાથે ઉજવાયું હતું. જો કે આજે સવારના સમયે સર્જાયેલી વરસાદી રમઝટના પગલે એક તબક્કે રક્ષાબંધન ઉજવવામાં મોટી અડચણ ઉભી કરશે તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી પરંતુ વરસાદે ખમૈયા કરતા નગરજનોએ હાશકારો અનુભવ્યો હતો. મોટાભાગના નાગરિકોએ ગ્રહણની અવગણના કરીને રક્ષાબંધનના પર્વને પરિવાર સાથે ઉલ્લાસપૂર્વક માણ્યું હતું. આ પર્વે યજ્ઞોપવિત સંસ્કાર ઉજવણીમાં પણ અવઢવનો માહોલ જોવા મળ્યો હતો.



### કલાકમાં ખાબકેલા અડધા ઈંચ વરસાદે જીવ ઊંચા કર્યા

આજે વહેલી સવારથી આકાશમાં ઘનઘોર વાદળો ઘેરાવા સાથે આશરે નવ વાગે વરસાદ ત્રાટક્યો હતો. લગભગ કલાક સુધી ચાલેલી વરસાદી રમઝટમાં અડધા ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો જેને પગલે એક તબક્કે એવુ લાગ્યું હતું કે આજની રક્ષાબંધનમાં ગ્રહણ નહી પરંતુ વરસાદ જ વિઘ્ન સાબિત થશે. જો કે કલાકેકની રમઝટ પછી વરસાદ અટકી જતા નગારિકોએ હાશકારો અનુભવી રક્ષાબંધનની ઉજવણીમાં જોતરાયા હતા. આજે શહેરમાં લઘુત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સે. જ્યારે મહત્તમ ૩૧.૫ ડિગ્રી સે. નોંધાયુ હતુ. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૭૯ ટકા હતુ જે સાંજ સુધીમાં વધીને ૮૨ ટકા નોંધાયુ હતુ.



ભાઈ-બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધને અગાઉથી જ ચંદ્રગ્રહણના કારણે ભારે અવઢવ પેદા થયેલી હતી તેમાં વહેલી સવારથી શહેરના આકાશમાં વાદળો ગોરંભાયેલા જોવા મળતા અને તે સાથે વરસાદનો પ્રારંભ થઈ જતા નાગરિકોમાં રક્ષાબંધન બગડવાની ફડક પેસી હતી. જો કે કલાકેકની વરસાદી રમઝટ બાદ વરસાદ અટકી જતા આ પર્વને નગરજનોએ ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવ્યુ હતુ. સવારથી જ શ્રાવણી પૂનમના પગલે શહેરના મંદિરોમાં દર્શનાર્થીઓની ભીડ જોવા મળી હતી. એક તો શ્રાવણી પૂનમ અને પાછો શ્રાવણીયો સોમવાર સાથે રક્ષાબંધનનું પવિત્ર પર્વ જેવો ત્રિવેણીસંગમ રચાતા શહેરના મંદિરોમાં ભાવિકોની ભીડ વધુ પ્રમાણમાં રહી હતી. આ સાથે શહેરની મહિલાઓ, યુવતિઓ, બહેન દિકરીઓએ પોતાના વ્હાલસોયા ભાઈઓને રાખડી બાંધી તેમના સુખમય જીવનની કામના સાથે રક્ષાબંધન કર્યુ હતુ. ભાઈઓએ પણ બહેનોને તેમને મનગમતી ભેટ-દક્ષિણા આપી તેમની સુરક્ષા અને સુખ માટે વિશેષ આશિર્વાદ-પ્રાર્થના વ્યક્ત કર્યા હતા. રક્ષાબંધન પર્વના પગલે શહેરની મિઠાઈ-ફરસાણની દુકાનો પર ભારે ભીડ જોવા મળી હતી. બહેનોએ રક્ષાબંધન પર મિઠાઈ, ચોકલેટ અને ખાસ કરીને માવાની મિઠાઈની વિશેષ ખરીદી કરી ભાઈનું મ્હો મીઠુ કરાવ્યુ હતુ. ભાઈઓએ પણ બહેનોને તેમની મનપસંદ ગીફ્ટ આપી બહેનના ચહેરા પર સ્મિત રેલાવ્યુ હતુ. શહેરની મોબાઈલ શોપ્સ, ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુના શૉરૂમ, ઓટોમોબાઈલ્સ શૉ રૂમ તથા ગીફ્ટ શોપ્સ ખુલ્લી રહી હતી અને ગ્રાહકોની ભીડ પણ જોવા મળી હતી.



રક્ષાબંધનનો તહેવાર બ્રાહ્મણો માટે ઉપનયન સંસ્કારનું પર્વ ગણાય છે. આ દિવસે તેમની યજ્ઞોપવિત બદલાવામાં આવે છે. આજે ગ્રહણના કારણે યજ્ઞોપવિત બદલવા અંગે જુદા જુદા મતાંતર જોવા મળ્યાં હતા. જેને પગલે શહેરમાં કેટલાક બ્રહ્મબંધુઓએ જનોઈ બદલી હતી. જ્યારે અનેક બ્રહ્મબંધુઓએ આગામી મુહૂર્તમાં યજ્ઞોપવિત બદલવાનો નિર્ણય લીધો હતો. આજે શહેરના મહારાષ્ટ્રિય પરિવારોએ નાળિયેરી પૂનમની ઉજવણી કરી હતી જ્યારે શહેરમાં શ્રાવણી પૂનમે સમુદ્ર પૂજા પણ પ્રતિકરૂપે ઉજવાઈ હતી.

# સેક્ટર-૨૬ ગ્રીનસીટીમાં બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું

## ઘરના દરવાજાનું તાળુ તોડી રોકડ તેમજ સોના-ચાંદીના મળી કુલ રૂ.૯૮,૦૦૦ ના મુદામાલ લઈ તસ્કરો પલાયન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ગ્રીનસીટીમાં બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું છે. ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી રોકડ રૂ.૪૦.૦૦૦ તેમજ સોનાચાંદીના દાગીના સહિત કુલ રૂ.૯૮.૦૦૦ના મુદામાલની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે. તસ્કરોના તરખાટને પગલે સમગ્ર સેકટરમાં ભયનો માહોલ સર્જાયો છે. બનાવ અંગે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેર જાણે તસ્કરો માટે સોફ્ટ ટાર્ગેટ બનતું જાય છે. નિશાચરો એક પછી એક બંધ મકાનને ટાર્ગેટ બનાવી રહ્યા છે. શહેરની પોલીસને પણ જાણે પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે.

શહેર પોલીસ બંદોબસ્તમાં વ્યસ્ત જોવા મળે છે જેને પગલે નિશાચરો રાત્રીના અંધકારમાં કળા કરી પલાયન થઈ જાય છે. ત્યારે સે-૨૬ ગ્રીનસીટીમાં રહેતા ઉમેદભાઈ ભીખાભાઈ પટેલ નિવૃત આર્મીમેન છે. તેઓ પોતાના પરિવાર સાથે ગ્રીનસીટી ખાતે રહે છે. ગતરોજ રક્ષાબંધન પર્વ નિમિતે પોતાના બહેનના ઘરે મળવા ગયા હતા. ત્યારબાદ પરત આવીને જોયું તો પોતાના ઘરનું તાળુ તુટેલુ હતું અને ઘરમાં સામાન પણ વિખરાયેલો પડ્યો હતો. ઉમેતભાઈએ અંદર પ્રવેશી જોતા જ ચોંકી ઉઠ્યા હતા. તિજોરીનું તાળુ તોડી ને ચોરી ઈસમો રોકડ રૂ. ૪૦.૦૦૦ તેમજ સોના-ચાંદીના દાગીના મળીને કુલ રૂ.૯૮.૦૦૦ના મુદામાલની ચોરી થવા પામી છે. બનાવ અંગે ઉમેતભાઈએ સે-૨૧ પોલીસને જાણ કરતા પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી હતી અને ફરિયાદ નોંધી તસ્કરોને પકડવા તજવીજ હાથ ધરી છે.

# માણસા તાલુકાના માણેકપુર ગામે રાત્રે મહિલાની ચોટી કપાતા ચકચાર

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના માણેકપુર ગામે રહેતા એક ૬૦ વર્ષિય વૃધ્ધાની રાત્રે કોઈ ચોટી કાપી જતા ભારે ચકચાર મચી જવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી દિલ્હીની આસપાસ તથા ઉતરપ્રદેશના વિસ્તારોમાં મહિલાઓની ચોટી કપાવાની સિલસિલાબંધ ઘટનાઓએ રહસ્ય સર્જયું છે.ત્યારે ગાંધીનગર જિલ્લામાં પણ આ પ્રકારની ઘટના પ્રકાશમાં આવતા પોલીસ તંત્ર દોડતુ થઈ જવા પામ્યું છે.



પ્રાપ્ત માહિતી મુજબ માણેકપુર ગામે રહેતા ખોડાજી ઠાકોરના પત્નિ દેવુબેન રવિવારની સાંજે પોતાના ઘરની બહાર ખાટલામાં સુઈ ગયા હતા ત્યારે રાત્રે નવ વાગ્યાના અરસામાં તેમના માથાના વાળ કોઈએ પકડી ખેંચીને ઝાટકો માર્યો હોય તેવુ તેમને અનુભવાયું હતું. આ કારણે સફાળા જાગી ઉઠેલા દેવુ બેને પોતાના માથે હાથ ફેરવતા તેમનો ચોટલો કોઈએ કાપી નાખ્યો હોવાનું માલુમ પડ્યુ હતું. આશ્ચર્યની વચ્ચે તેમને પોતાની આસપાસ કોઈ જ ના દેખાતા તેમના વાળ કોણે કાપ્યા તે અંગે મુંઝવણ પેદા થઈ હતી. આથી ગભરાયેલા દેવુબેને પોતાના સંબંધીના ઘર તરફ દોટ મુકી હતી.આ ઘટનાને પગલે સવારે માણેકપુર ગામ તેમજ આસપાસના ગામોમાં પણ આ વાત વાયુવેગે પ્રસરતા ઉતેજના ફેલાઈ હતી. માણેકપુરના સરપંચ જગતસિંહ ચાવડાએ આ ઘટનાની પોલીસને જાણ કરતા પીઆઈ પલ્લાચાર્ય તેમની ટીમ સાથે માણેકપુર આવી પહોંચ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હી, યુપી, જેવી ઘટના અહીં ગુજરાતમાં પણ પ્રથમવાર બનતા પોલીસ વિચારમાં પડી ગઈ હતી. પોલીસે દેવુબેન પાસેથી ઘટનાની વિગતો જાણી આ ઘટના પાછળ રહેલા તત્વોનો પર્દાફાશ કરવા તજવીજ હાથ ધરી છે.

# રાજયસભા ચૂંટણી-વિધાનસભા સત્રને પગલે શહેર પોલીસ છાવણીમાં ફેરવાયું

## મહાત્મા મંદિર તેમજ વિધાનસભામાં ૧૨૦૦ થી વધુ પોલીસ કર્મચારીઓ ખડેપગે હાજર રહેશે

ગાંધીનગર, તા.૭

આજે ગાંધીનગર શહેરમાં વરસાદી વાતાવરણ વચ્ચે પણ ઉનાળા જેવી આકરી ગરમીનો અહેસાસ ગાંધીનગરાઓને થયો હતો. કારણ કે શહેરમાં વાતાવરણની ગરમી વચ્ચે રાજકીય ગરમાયો પણ બરાબરનો જામ્યો છે. શહેરમાં મંગળવારના રોજ મહાત્માં મંદિર ખાતે વિધાનસભાનું સત્ર યોજાવાનું છે, તો બીજીતરફ વિધાનસભા ખાતે રાજયસભાની બેઠકો માટે મતદાન યોજાવાનું છે. જેને પગલે ગાંધીનગર શહેરમાં લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. જેમાં મહાત્માં મંદિર ખાતે ૩ ડીવાયએસપી, ૧૯ પીઆઈ, ૬૪ પીએસઆઈ, ૩૪ કમાન્ડો, ૪૭૮ પોલીસ કોન્સ્ટેબલ, ૧૪૫ મહિલા પોલીસ, અને ૩૫ ટ્રાફિક પોલીસ કર્મચારીઓનો સમાવેશ થાય છે. જયારે વિધાનસભા અને મહાત્માં મંદિર થઈને કુલ ૧૨૦૦થી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓ ખડેપગે ફરજ બજાવશે.

ભાજપ-કોંગ્રેસ બંન્ને રાજકીય પક્ષ રાજયસભા પોતાના ઉમેદવારને જીતાડવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ભાજપમાંથી ત્રણ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે. જેમાં કોંગ્રેસને બાય બાય કહીને ભાજપનો ખેસ ધારણ કરનાર બળવંતસિંહ રાજપૂતનો પણ સમાવેશ થાય છે.તો બીજીતરફ છેલ્લા ઘણા સમયથી રાજયસભામાં કોંગ્રેસ તરફથી જીતીને જતા પક્ષના કદાવર નેતા અહેમદ પટેલ છે. જયારે સરકાર દ્વારા મહાત્માં મંદિર ખાતે એક દિવસીય ચોમાસું સત્ર પણ બોલાવવામાં આવ્યું છે.ત્યારે શહેરમાં ૮મી એ યોજાનારી રાજયસભાના ઉમેદવારોની ચુંટણીને ધ્યાને રાખીને પોલીસ તંત્રએ તડામાર તૈયારીઓ કરી દીધી છે. શહેરના તમામ પ્રવેશદ્વારથી લઈને મુખ્ય માર્ગો, સર્કલો, મહાત્મા મંદિર, વિધાનસભા સહિતના સ્થળો પર ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. શહેરમાં વિવિધ સ્થળો પર અંદાજે ૧૨૦૦ થી વધુ પોલીસ કર્મચારી-અધિકારીઓ ફરજ બજાવશે. ત્યારે શહેરમાં વરસાદી વાતાવરણ વચ્ચે પણ કોણ હારશે કોણ જીતશે ની ચર્ચાઓને પગલે બરાબરનો રાજકીય ગરમાવો જામ્યો છે.



### આનંદીબેને મુખ્યમંત્રી રૂપાણીને રાખડી બાંધી

મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં આજે રક્ષાબંધન પર્વે મંત્રીમંડળ નિવાસ સંકુલના કોમ્યુનિટી સેન્ટર ખાતે રક્ષાબંધન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીને રક્ષાકવચ પ્રદાન કરવા સમાજના વિવિધ વર્ગોની માતૃશક્તિ-ભગિનીશક્તિ વિશાળ સંખ્યામાં ઉમટી પડી હતી. પૂર્વમુખ્યમંત્રી આનંદીબેન પટેલ, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉ. નિર્મલાબેન વાઘવાણી, સંસદીય સચિવ વિભાવરીબેન દવે તથા સાંસદ જયશ્રીબેન પટેલ, પૂર્વ મંત્રી અને ધારાસભ્ય વસુબેન ત્રિવેદી, વર્ષાબેન દોશી તથા મહિલા મોર્ચાના અધ્યક્ષા ડૉ.જ્યોતિબેન પંડ્યાએ પણ વિજય રૂપાણીને રક્ષાબંધન કર્યુ હતું.




## ગુજરાતની સવાસો જેટલી કોળી સમાજની બહેનોએ

# રાષ્ટ્રપતિ ભવનમાં રક્ષાબંધનની ઉજવણી

અમદાવાદ, તા.૭

રક્ષાબંધનના પવિત્ર દિને આજરોજ ગુજરાત કોળી સમાજની આશરે ૧૨૫ બહેનોએ રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત લઈ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદને રાખડી બાંધી તેમને શુભકામના પાઠવી હતી.

સુરેન્દ્રનગર, અમદાવાદ, ભાવનગર, મોરબી, અમરેલી વગેરે ૯ જિલ્લાની બહેનો આજરોજ દિલ્હી પહોંચી હતી અને તેમની સાથે કોળી સમાજના આશરે ૨૭ જેટલા હોદ્દેદારો પણ આ કાર્યક્રમમાં સાથે રહ્યા હતા.

ગુજરાતના સાંસદો શ્રી રાજેશ ચુડાસમા, શ્રીમતી દર્શનાબેન જરદોશ અને શ્રી શંકરભાઈ વેગડ એ પણ ઉપસ્થિત રહી રાષ્ટ્રપતિને શુભેચ્છા પાઠવી હતી.



અત્રે એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે, શ્રી રામનાથ કોવિંદ ભારતીય કોળી સમાજના પ્રમુખ રહી ચુક્યા છે. તેઓએ સમાજની બહેનો સાથે સારો એવો સમય વિતાવ્યો હતો અને તેમના ખબર-અંતર પુછ્યા હતા. આ કાર્યક્રમમાં ફર્સ્ટ લેડી (પ્રથમ મહિલા) શ્રીમતિ સવિતા કોવિંદ પણ હાજર રહ્યા હતા.

કોળી સમાજની બહેનોએ આ કાર્યક્રમ બાદ રાષ્ટ્રપતિ ભવનના મ્યુઝિયમની પણ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે રાષ્ટ્રપતિના સંયુક્ત સચિવ શ્રી ભરત લાલ એ તેમના સ્વાગત પ્રવચનમાં ગુજરાતમાં અગાઉ જે પાણીની સમસ્યા હતી તેને કેવી રીતે હલ કરવામાં આવી તેનો પણ ઉલ્લેખ કર્યો હતો.